ડો.સેલ

34

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તક
ની સમાજ કલ્યાણ નિરીક્ષક(વર્ગ-૩)ની ૭ (સાત)
નવી જગ્યાઓ ઊભી કરવા અંગેની વર્ષ ૨૦૧૭-૧૮
ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત
રૂ. ૧૨.૬૦ લાખની મંજૂરી

S. J. & E. DEPTT
13 APR 2017
IWDMS No 226203

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૬/૬૯૮૨૧૫/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૧૧/૦૪/૨૦૧૬

વંચાણમાં લીધા-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૨૩/૦૩/૨૦૧૭નો પત્ર ક્રમાંક:
અજાક/મકમ/૨/વહી.મંજૂરી/૬૬૧/૨૦૧૭/ક

આમુખ:-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની સમાજ કલ્યાણ નિરીક્ષક(વર્ગ-૩)ની જગ્યાઓની તાલુકા કક્ષાની કામગીરીની જરૂરિયાત ધ્યાને લઈ સમાજ કલ્યાણ નિરીક્ષક(વર્ગ-૩)ની કુલ-૭ (સાત) નવી જગ્યાઓ ઊભી કરવા અંગે નિયામકશ્રીએ વંચાણે લીધા ક્રમ(૧) પરના તા.૨૩/૩/૨૦૧૭ના પત્રથી રૂ.૧૨.૬૦ લાખની વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં વર્ષ ૨૦૧૭-૧૮ પૂરતી ભરવાપાત્ર કુલ ૭(સાત) જગ્યાઓ માટે કુલ રૂ.૧૨.૬૦ લાખની બજેટ જોગવાઈ થયેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉપર્યુક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ભરવાપાત્ર સમાજ કલ્યાણ નિરીક્ષક(વર્ગ-૩)ની કુલ ૭ (સાત) જગ્યાઓ નવી ઊભી કરવા માટે રૂ.૧૨.૬૦ લાખની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની બજેટ જોગવાઈ અને નાંણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાંણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. તેમજ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાંણા વિભાગના તા:૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા:૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો ROP-2006/ROP-2016 પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦(પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમાનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમાનુસાર ઉમેદવાર નિયત થયેલ કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઈએ.

, રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાંણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પૂરી થતાં પહેલાના એક માસ અગાઉ નાંણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર તથા નાંણા વિભાગની તા.૦૪/૦૪/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલેશ શાહ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ, વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે...
- પસંદગી ફાઇલ